RNI Regd. No. GUJGUJ/2000/1905

www.atalsavera.co.in

સુરતથી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# અટલ સવેરા

મેનેજીંગ તંત્રી : નરેશકુમાર બી. અગ્રવાલ | વર્ષ : ૨૨, અંક : ૨૬૩, બુધવાર, ૨૧ ડિસેમ્બર ૨૦૨૨, સુરત, પાના : ૮ કિંમત રૂા.૧ | નિવાસી તંત્રી : હેમંત નરેશકુમાર અગ્રવાલ

## ભારત-ગુજરાત માટે ગૌરવરૂપ ક્ષણ,

# સુરત સ્થિત એસટીપીએલ કંપનીનાં બે સીમાચિહ્નો




સુરતઃ સુરત શહેરના હીરાઉદ્યોગ તથા ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશ માટે ગૌરવરૂપ બે ઐતિહાસિક સીમાચિહ્ન સુરતના નામે લખાયાં છે.

સુરત સ્થિત, ડાયમંડ પ્રોસેસિંગનાં સોલ્યુશન્સ માટે વિશ્વઅગ્રણી એસટીપીએલ કંપનીને ફાળે આ બે ગૌરવપૂર્ણ સીમાચિહ્ન નોંધાયાં છે. એસટીપીએલ કંપનીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેડ શ્રી મુંજાલ ગજ્જરને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટોનિક્સ ઈન્ડસ્ટ્રીના ટોચના ૧૦૦, મોસ્ટ ઈનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. 'ઈલેક્ટ્રો ઓપ્ટિક્સ' નામનું પ્રકાશન જૂથ યુરોપમાં અને સમગ્ર વિશ્વમાં ફોટોનિક્સ ઉદ્યોગને સંબંધિત વિશ્વસનીય અને સચોટ માહિતી તથા વિશ્લેષણ પૂરું પાડવા માટે વિખ્યાત છે. આ મેગેઝિન દ્વારા 'ધ ફોટોનિક્સ ૧૦૦' નામે એક વાર્ષિક યાદી જાહેર કરવામાં આવે છે, જેમાં જેમાં વિશ્વના ફક્ત ૧૦૦ વ્યક્તિઓ સ્થાન પામતા હોય છે જેમને વિશ્વસ્તરે વિશિષ્ઠ અને નોંધપાત્ર કામગીરી આપનારા લોકોને સન્માનિત કરવામાં આવે છે. ફોટોનિક્સ એ પ્રકાશનાં કિરણોના ભૌતિક વિજ્ઞાનની શાખા છે.